# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-12-2024** **Midday : 2.30 to 2.35**

**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂડિયા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## Pradushan niyantran divas

સમગ્ર દેશમાં દર વર્ષે તા. ૦૨ ડિસેમ્બરના રોજ રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને આબોહવા પરિવર્તન મંત્રી મુળુભાઇ બેરાના માર્ગદર્શનમાં અને GPCB બોર્ડ દ્વારા ઔદ્યોગિક જોખમી કચરાના યોગ્ય નિકાલ બાબતે થયેલી અભૂતપૂર્વ કામગીરીના પરિણામે ગુજરાત સમગ્ર દેશમાં ટોચના સ્થાને છે,

રાજ્યમાં એક દિવસમાં સરેરાશ 28 મેટ્રિક ટન ઘરગથ્થુ ઘન કચરો એકત્રિત કરવામાં આવે છે જે પૈકી સરેરાશ 25 મેટ્રિક ટન કચરાનો વૈજ્ઞાનિક પદ્ધતિ ઢબે યોગ્ય નિકાલ કરવામાં આવી રહ્યો છે. આ કચરાને રિસાયક્લિંગ કરી તેનું ખાતર બનાવવામાં આવે છે. છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતે અંદાજિત 30,073 મેટ્રિક ટન કચરાને એકત્રિત કરી ૨૭,૭૩૫ મેટ્રિક ટન ઘન કચરાને ખાતર બનાવવામાં આવ્યું છે. જેમાં વર્ષ 2021-22 માં કુલ 10,320 મેટ્રિક ટન ઘરગથ્થુ ઘન કચરાને એકત્રિત કરી 9,031 મેટ્રિક ટન કચરાનો નિકાલ કરાયો છે . જ્યારે વર્ષ2022-23 માં 9,436 મેટ્રિક ટન કચરા પૈકી 9,832 મેટ્રિક ટન કચરાનો નિકાલ, વર્ષ 2023-24 માં 10,317 મેટ્રિક ટન ઘન કચરો એકત્રિત કરી 8,873 મેટ્રિક ટન કચરાને વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવામાં આવ્યો છે. **અંદાજે ૧૨૫ લાખ મે.ટન વેસ્ટનો નિકાલ કરીને અમદાવાદ મહાનગરપાલિકા પ્રથમ ક્રમે આવે છે. જેમાં સૌથી વધુ અમદાવાદ મહાનગરપાલિકાએ અંદાજીત 125 લાખ મે.ટન વેસ્ટનો નિકાલ કર્યો છે. જેના પરિણામરૂપે અમદાવાદ શહેરનો લગભગ 40 એકર જેટલો વિસ્તાર ખુલ્લો થયો છે**

## Jay shah

BCCI સેક્રેટરી જય શાહ આજે ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) ના અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળશે. તેઓ વર્તમાન ચેરમેન ગ્રેગ બાર્કલેનું સ્થાન લેશે. જય શાહ આ સર્વોચ્ચ ક્રિકેટ સંસ્થાના ટોચના સ્થાને પહોંચનાર પાંચમા ભારતીય છે.

જય શાહ 27 ઓગસ્ટ, 2024ના રોજ ICC અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. તેમની પસંદગી બિનહરીફ થઈ હતી. આઈસીસી ચેરમેન પદ સંભાળવા માટે જય શાહે બીસીસીઆઈ સેક્રેટરીનું પદ છોડવું પડશે. તેમણે 2019માં BCCI સેક્રેટરીનું પદ સંભાળ્યું હતું.

જય શાહ ICCના ટોચના પદ પર પહોંચનાર પાંચમા ભારતીય છે.

## MARATHON - PORBANDAR

પોરબંદરમાં એક સ્વીમીંગ ક્લબ દ્વારા કોસ્ટલ હાફ મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું. આ મેરેથોનમાં પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડીયા તથા ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યમાંથી પણ દોડવીરોએ ભાગ લીધો હતો. લોકોમાં સ્વાસ્થ માટે જાગૃતિ લાવવા માટે આ મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતુ. 1 હજાર 500 થી વધુ દોડવીરોએ આ મેરેથોનમાં ભાગ લીધો હતો. નેવી, કોસ્ટ ગાર્ડ, નગરપાલિકા, જિલ્લા વહીવટી તંત્ર, રોટરી ક્લબ, આરોગ્ય વિભાગ તથા 108 ઈમરજન્સી ની ટીમ અને પોલીસ વિભાગ દ્વારા દોડવીરોની સલામતી માટે ટ્રાફિક કંટ્રોલ તેમજ સુરક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતુ.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

## Kala mahakumbh 2024-25

ગુજરાત સરકારનાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, રાજકોટ દ્વારા સંચાલીત "કલા મહાકુંભ ૨૦૨૪-૨૫" યોજાશે. સ્પર્ધકો-કલાવૃંદો માટે અરજી મોકલવાની છેલ્લી તારીખ ૧૮ ડીસેમ્બર છે.

આ કલા મહાકુંભમાં ૦૬ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૦ વર્ષ, ૨૧ થી ૫૯ વર્ષ, ૬૦ વર્ષથી ઉપર એમ ૦૪ (ચાર) વયજુથનાં સ્પર્ધકો ભાગ લઈ શકશે.. સ્પર્ધા તાલુકા/ઝોનકક્ષાથી લઈને જિલ્લાકક્ષા, પ્રદેશકક્ષા, અને રાજયકક્ષા એમ ક્રમશઃ યોજવામાં આવશે.

આ કલા મહાકુંભ સ્પર્ધામાં વક્તૃત્વ, નિબંધ લેખન, કાવ્ય લેખન, ગઝલ શાયરી, લોકવાર્તા, દુહા-છંદ-ચોપાઇ, ચિત્રકલા, સર્જનાત્મક કારીગરી, લોકનૃત્ય, રાસ, ગરબા, , શાસ્ત્રીય નૃત્ય , શાસ્ત્રીય કંઠય સંગીત (હિન્દુસ્તાની), સુગમ સંગીત, લગ્ન ગીત, સમૂહ ગીત, લોકગીત/ભજન, હાર્મોનિયમ , તબલા, , વાંસળી, સિતાર, ગિટાર, સરોદ, સારંગી, , રાવણ હથ્થો, જોડિયા પાવા, એક પાત્રીય અભિનય, ભવાઇ જેવી ૩૭ કૃતિઓનું આયોજન કરવામાં આવશે.

ભાગ લેવા ઈચ્છતાં રાજકોટ શહેર અને ગ્રામ્યનાં સ્પર્ધકોએ નિયત નમુનાનાં અરજીફોર્મમાં પોતાની સંપૂર્ણ વિગત ભરી આધારકાર્ડ અને બેંક પાસબુકનાં પ્રથમ પાનાની ઝેરોક્ષ નકલ સાથે "જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, રાજકોટ " ખાતે તા.૧૮/૧૨/૨૦૨૪ના બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં રૂબરૂ અથવા ટપાલથી મોકલી આપવાનું રહેશે.

## Yuva utsav spardha

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને રાજકોટ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી દ્વારા રાજ્યકક્ષા યુવા ઉત્સવ સ્પર્ધા ૨૦૨૪-'૨૫નું આયોજન કરાયું છે. આ સ્પર્ધા તા. ૫ ડિસેમ્બર, ૨૦૨૪થી તા. ૭ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી સવારે ૧૧:૦૦ કલાકે હેમુ ગઢવી નાટ્યગૃહ ખાતે યોજાશે. જેમાં ઝોનકક્ષાએ પ્રથમ ક્રમ અને દ્વિતિય ક્રમે વિજેતા થયેલા કલાકારો અને કલાવૃંદો ભાગ લેશે.

## DIVYANG ROJGAR MELO

અમદાવાદમાં મુકબધિર દિવ્યાંગ ઉમેદવારો માટે ગઈકાલે રોજગાર ભરતી મેળાનું આયોજન કરાયું હતું. કુબેરનગર ITI પરિસરના નેશનલ કરિયર સર્વિસ સેન્ટર ખાતે યોજાયેલા આ ભરતી મેળામાં 175 જેટલા ઉમેદવારો જોડાયા હતા. ઉમેદવારોની પ્રાથમિક કસોટી લીધા બાદ 57 ઉમેદવારોની પ્રથમ તબક્કામાં પસંદગી કરવામાં આવી હતી. હવે પછીના તબક્કામાં કંપની દ્વારા ઉમેદવારોને પ્લાન્ટ ખાતે રૂબરૂ લઈ જઈ તેમના કૌશલ્યની પરીક્ષા લેવાશે.

## PM - BSF RAISING DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સરહદ સલામતી દળ - BSFને તેના સ્થાપના દિવસ પર હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયાના એક સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે, દેશના સંરક્ષણ ક્ષેત્રમાં BSFનું મહત્વનું યોગદાન છે. તેમણે કહ્યું કે, આ દળ હિંમત, સમર્પણ અને અસાધારણ સેવાનું પ્રતીક છે. તેમણે રાષ્ટ્રની સલામતીમાં BSFની સતર્કતા અને હિંમતની પ્રશંસા કરી હતી.